# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/321 Dt. 05/02/2026

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પોસ્ટ બજેટ એનાલિસિસ યોજાયું

## કેન્દ્રિય નાણાં મંત્રીએ સામાન્ય બજેટમાં TDS અને TCS માટે રેશનલાઇઝેશનની જોગવાઈઓ કરીને ટેકસ સિસ્ટમને વધુ વ્યવહારુ બનાવી છે : એડવોકેટ શ્રી મુકેશ પટેલ

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે પોસ્ટ બજેટ એનાલિસિસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અમદાવાદના જાણીતા એડવોકેટ શ્રી મુકેશ પટેલે યુનિયન બજેટનું વિશ્લેષણ કર્યું હતું.

એડવોકેટ શ્રી મુકેશ પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્રિય નાણાં મંત્રી દ્વારા લોકસભામાં રજૂ કરાયેલા સામાન્ય બજેટમાં TDS (ટીડીએસ) અને TCS (ટીસીએસ)ના નિયમોને વધુ સરળ અને સ્પષ્ટ બનાવવામાં આવ્યા છે. હવે એક જ લેવડદેવડ પર ડબલ ટેક્સ લાગશે નહીં, જે ઉદ્યોગ જગત અને કરદાતાઓ માટે રાહતભર્યું પગલું છે. નાણાં મંત્રીએ TDS અને TCS માટે રેશનલાઇઝેશનની જોગવાઈઓ કરીને ટેક્સ સિસ્ટમને વધુ વ્યવહારુ બનાવી છે.

તેમણે જણાવ્યું હતું કે, ઇન્કમ ટેક્સમાં પણ અનેક મહત્વપૂર્ણ પ્રોવિઝન લાવવામાં આવ્યા છે. રિવાઇઝ રિટર્ન, અપડેટેડ રિટર્ન તેમજ રિટર્ન ફાઇલિંગ સંબંધિત જે નવા પ્રોવિઝન લાવવામાં આવ્યા છે, તેમાં અગાઉની જોગવાઈઓમાં પણ જરૂરી સુધારા કરવામાં આવ્યા છે.

નાણાં મંત્રીએ અપડેટેડ રિટર્ન બાબતે બે મહત્વપૂર્ણ સુધારા કર્યા છે. અત્યાર સુધી જો કોઈ કરદાતાએ લોસનું રિટર્ન ભર્યું હોય તો તે અપડેટેડ રિટર્ન ભરી શકતા ન હતા, પરંતુ હવે તેમાં સુધારો કરીને એવી જોગવાઈ કરવામાં આવી છે કે જો લોસમાં ઘટાડો થતો હોય તો લોસનું રિટર્ન પણ અપડેટ કરી શકાશે. લોસ ઘટાડીને અપડેટેડ રિટર્ન ભરવાની આ જોગવાઈ આવકારદાયક હોવાનું તેમણે જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે, અત્યાર સુધી રી–એસેસમેન્ટની નોટિસ આવી ગયા બાદ અપડેટેડ રિટર્ન ભરી શકાતા ન હતા, પરંતુ આ બાબતમાં પણ નાણાં મંત્રીએ કરદાતાઓને રાહત આપી છે. હવે ટેકસ સિસ્ટમમાં પ્રિવિયસ ઇયર અને એસેસમેન્ટ ઇયરની પ્રક્રિયા દૂર કરવામાં આવશે અને માત્ર ફાઇનાન્શિયલ ઇયર જ લાગુ રહેશે.

ફાઇનાન્શિયલ ઇયર ૨૦૨૬–૨૭થી નવો કાયદો અમલમાં આવશે, આથી ટેકસ પ્રોફેશનલ્સને હવે ૨૦૨૬–૨૭ બે રીતે સમજવું પડશે. ૧૯૬૧ના ઇન્કમ ટેકસ એકટ મુજબનું એસેસમેન્ટ ઇયર અને ૨૦૨૫ના નવા ઇન્કમ ટેકસ એકટ મુજબનું ફાઇનાન્શિયલ ઇયર એમ બંને વ્યવસ્થાને સમજવી આવનારા સમયમાં જરૂરી બનશે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધન કર્યું હતું. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની ઇન્કમ ટેકસ કમિટીના ચેરમેન સીએ પ્રજ્ઞેશ જગાશેઠે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા તથા પૂર્વ પ્રમુખો શ્રી અમરનાથ ડોરા અને શ્રી રમેશ વઘાસિયા, ઉદ્યોગ સાહસિકો અને પ્રોફેશનલ્સ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા.